# ધારાસભ્ય ભૂપેન્દ્રસિંહ ખાંટ સસ્પેન્ડ : વિવાદ છેડાયો

## ભૂપેન્દ્રસિંહ ખાંટ અપક્ષ ધારાસભ્ય : જાતિ પ્રમાણપત્રના લઈને કોર્ટ કેસ ચાલે છે : ખાંટ નિર્ણયને પડકારે તેવી વકી

ગાંધીનગર,તા. ૩

મોરવા હડફના ધારાસભ્ય ભૂપેન્દ્રસિંહ ખાંટને વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ આજે સસ્પેન્ડ કરતાં ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર ભારે ચકચાર મચી ગઈ છે. તેની સામે ભૂપેન્દ્રસિંહ ખાંટે સુપ્રીમ કોર્ટમાં જવાની તૈયારી દર્શાવી છે. વિધાનસભાની મોરવા હડફની અનુસૂચિત જનજાતિ અનામત બેઠક પરથી ખાંટે આદિવાસી સમાજનું પ્રમાણપત્ર રજૂ કરી ઉમેદવારી નોંધાવી ચૂંટણી જીત્યા હતા. જેની સામે ભાજપના હારેલા ઉમેદવારે પ્રમાણપત્ર રદ કરવા હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેની પર હાલ કોર્ટ કાર્યવાહી ચાલી રહી છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે, મોરવા હડફના અપક્ષ ધારાસભ્ય ભુપેન્દ્રસિંહ ખાટનું ધારાસભ્યપદ ગેરલાયક ઠરાવાયું છે. કારણ કે આ મામલે ગુજરાતના રાજ્યપાલ પાસે પિટિશન થઈ હતી, જેમાં ગઈકાલે રાજ્યપાલે તેમને ગેરલાયક ઠેરવવાનો હુકમ કરતા આ નિર્ણય કરવામાં આવ્યો છે. આમ, હવે ૧૨૫ મોરવાહડફના ભુપેન્દ્ર ખાંટના ગેરલાયક કરવાથી મોરવાહડપની બેઠક ખાલી પડશે. આ બેઠકમાં તેમણે વિધાનસભાની ચૂંટણી દરમિયાન રજૂ કરેલુ અનુસુચિત જાતિનું પ્રમાણપત્ર યથાર્થ ન હતું અને આ તમામ પ્રકરણ રાજ્યપાલ સમક્ષ પહોંચ્યું હતું ત્યારે આ ચુકાદા બાદ હવે ભુપેન્દ્ર ખાંટ તા.૨ મે ૨૦૧૯ ના રોજથી ડિસ્કવોલિફાઈ જાહેર કરવામાં આવ્યા છે. દરમ્યાન પબુભા માણેક અંગેના પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે પબુભા માણેકની મેટર સુપ્રીમ કોર્ટમાં ચાલી રહી છે પરંતુ કાયદાની જોવા જઈએ તો પબુભાને હાલ ધારાસભ્ય ગણી શકાય નહીં. અલ્પેશ ઠાકોર પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ સ્પષ્ટતા કરી હતી કે આજે સાંજ સુધીમાં મારી સમક્ષ વિગતો અને પેપર્સ આવશે પછી આગળની કાર્યવાહી કરીશું જોકે નિયમ અનુસાર બંને પક્ષોને પુરાવા ની તક આપ્યા બાદ રૂબરૂ



સાંભળીશું અને પછીના ન્યાયિક નિર્ણય કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ભૂપેન્દ્રસિંહ સામે ભાજપના હારેલા ઉમેદવાર વિક્રમ ડિંડોરે આદિજાતિ વિકાસ વિભાગને ફરિયાદ કરી હતી કે, ભૂપેન્દ્રસિંહ ખાંટ આદિવાસી સમાજમાંથી નહીં પરંતુ ઓ.બી.સી. (અધર બેકવર્ડ કલાસ)માં સમાવિષ્ટ થતી જ્ઞાતિમાંથી આવે છે તેથી તેમની પાસે રહેલું આદિજાતિનું પ્રમાણપત્ર રદ થવું જોઈએ. આદિજાતિ વિકાસ કમિશનરની સ્ક્રૂટિની સમિતિ સમક્ષ મોકલવામાં આવી હતી. ભૂપેન્દ્રસિંહના પિતા ઓ.બી.સી. સમુદાયના છે અને માતા આદિજાતિ સમુદાયના છે. જો કે ભૂપેન્દ્રસિંહના બાળકો અને ભાઈઓ ઓ.બી.સી.નું પ્રમાણપત્ર ધરાવે છે. તેમના લગ્નસંબંધો પણ ઓ.બી.સી. સમુદાયમાં જ છે. જેની સામે ભૂપેન્દ્રસિંહ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે પિતાએ તેમને નાનપણમાં તરછોડ્યા હોવાથી તેમની માતાએ મોસાળમાં તેમનો ઉછેર કર્યો હતો, જેથી તેઓ આદિજાતિ સમુદાયના છે તેવું કહી શકાય. સુપ્રિમ કોર્ટના ચુકાદા પ્રમાણે જો કોઈ બાળકનો ઉછેર તેના મોસાળમાં જ થયો હોય અને તેની માતાની જ્ઞાતિ તેના સ્વીકારની સત્તાવાર મંજૂરી આપે તો તે બાળકને તેની માતાની જ્ઞાતિનું પ્રમાણપત્ર મળી શકે છે. આ પ્રકારનો કોઈ પુરાવો ભૂપેન્દ્રસિંહ રજૂ કરી શક્યા નહોતા ઉપરાંત સ્કૂટિનીમાં બહાર આવ્યું હતું કે ભૂપેન્દ્રસિહનો અભ્યાસ તેમના પિતાના ગામમાં થયો છે, તો મોસાળમાં ઉછેરની વાત પર પણ સવાલ ઊભા થયા હતા. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખી આદિજાતિ વિકાસ કમિશનરે ભૂપેન્દ્રસિંહનું આદિજાતિનું પ્રમાણપત્ર રદ કર્યુ હતું.

# રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદની શક્યતા

ગાંધીનગર, તા. ૩

હાલમાં કાળઝાળ ગરમી પડી રહી છે. પરંતુ રાજ્યના કેટલાક ભાગોમાં આગામી દિવસોમાં કમોસમી વરસાદની શક્યતા છે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે આગામી દિવસોમાં રાજ્યના ઘણા ભાગોમાં વાતાવરણમાં પલ્ટો આવવાની શક્યતા છે.

હમણાં ચક્રવાત બંગાળના ઉપસાગર ઉપરથી મજબુત બની ઓડીસા વગેરે કોસ્ટ્રલ એરીયામાં જેની જબરદસ્ત અસર થવામાં હતી આથી ભૌગોલિક બાબતો ગ્રહો તેમજ અન્ય આધારે જોતાં આગામી તા. ૫ સુધીમાં વાદળો આવે અને ક્યાંક ક્યાંક પર્વતીય પ્રદેશોમાં છાંટાછુટી જેવો વરસાદ જોવા મળે. જ્યારે તા. ૭ થી ૧૦માં પણ રાજ્યના ભાગોમાં વાદળો આવે અને રાજ્યના કોઈ કોઈ ભાગોમાં કમોસમ વરસાદની શક્યતા રહે. આ અરસામાં મહત્તમ ઉષ્ણતામાન ઘટે પરંતુ ઉકળાટ બફારો વધે. સામાન્ય રીતે એપ્રિલ, મે, જૂનમાં બંગાળના ઉપસાગરમાં આવી સ્થિતિનું નિર્માણ થતુ હોય છે. પરંતુ ક્યારેક ગજબનું સાયક્લોન સર્જાય તો તેની અસર આવનાર ચોમાસાની ગતિવિધી પર પડે તે સ્વાભાવિક છે.

મે માસ ગરમ રહેવો જોઈએ તો ગંગા જમનાના મેદાનો તપે જો સાનુકૂળ સ્થિતિમાં ચોમાસુ વરસાદ સારો આવે. આ વાવાઝોડાની અસરથી રાજ્યના ભાગોમાં પણ હવામાન કથળે. અખાત્રીજનો પવન સાનુકૂળ રહે તો ચોમાસાનુ વાયુચક્ર પણ સાનુકૂળ રહે. હોળીના વરતારા પછી અખાત્રીજનો પવન જોવામાં આવતો હોય છે. મે તા. ૧૧ થી જૂનમાં પણ આંધી વંટોળ સાથે કોઈ કોઈ ભાગોમાં કમોસમી વરસાદની શક્યતા રહે. કૃતિકા સૂર્ય નક્ષત્રમાં વરસાદના છાંટા થાય તો આ ચિહ્નો ચોમાસા માટે સારા ગણાય છે.

આવનાર દિવસોમાં આંધી વંટોળનું પ્રમાણ વધે. જો કોરમણી નિયમિત આવે, ધીરે ધીરે ભેજનું પ્રમાણ વધે તો સાનુકૂળ સ્થિતિમાં ચોમાસુ સારો વરસાદ લઈને આવે. કોરવણીના ચિહ્નો હજુ જણાતા નથી. વળી વૃક્ષોની નવપલ્લવીતા પણ થવી જોઈએ જેનાથી બાષ્પિભવન સમુદ્રમાં વધુ થતાં સારો વરસાદ આવે. ખીજડાના પાન ખરી પડવા જોઈએ. જળચર પ્રાણીઓની ગતિવિધી ચોમાસુ આવતા પૂર્વે વધતી હોય છે. તેમજ મોર-બપૈયા, ટીટોડી વગેરે કેટલાક ચોમાસુના છડી પોકારતા પક્ષીઓના અવાજ હજુ સંભળાતા નથી. ચોમાસામાં ભેજ વધતા કાય થઈને પક્ષીઓ અવાજ કરતા હોય છે.



## દહેગામની જાક જીઆઈડીસી ખાતે ઈન્કમટેક્ષ અવેરનેસ કેમ્પેઈન યોજાયુ

આવકવેરા વિભાગ દ્વારા કરદાતાઓને ઈન્કમટેક્ષ અંગે જરૂરી માહિતી મળી રહે તથા તેમની મુંઝવણોનું સમાધાન થાય તે હેતુથી ગાંધીનગર જિલ્લાના દહેગામ નજીક જાક જીઆઈડીસી ખાતે મેક્કુર લેબોરેટરીઝમાં ''ઈન્કમટેક્ષ અવેરનેસ કેમ્પેઈન''નું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના જોઈન્ટ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ વિક્રમ શર્માના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં. ૩ના આયકર અધિકારી તથા તેમના કર્મચારીઓ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં કંપનીના ડાયરેક્ટર સહિત તમામ કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં જોઈન્ટ કમિશ્નર તથા તેમના અધિકારીઓ દ્વારા ઈન્કમટેક્ષ અંગે જરૂરી લેટેસ્ટ માહિતી પુરી પાડવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન ઈન્કમટેક્ષનો વ્યાપ વધારવા તથા તેની જરૂરિયાત અંગે સમજ પુરી પાડવા કરવામાં આવ્યું હતું. આવકવેરા વિભાગના આ પગલાંની પ્રસંશા કરવામાં આવી હતી તથા સમયાંતરે આ પ્રકારના અવેરનેશ કાર્યક્રમો યોજવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**આપણે હવે ચેક કરવું પડશે કે આપણો આ પંજો છે કેટલા કિલોનો...??**

# આજે શનિ અમાવસ્યા : શનિ મંદિરોમાં શ્રદ્ધાળુ ઉમટી પડશે

ગાંધીનગર, તા.૩

આવતીકાલે શનિવાર, ચૈત્રી અમાસ એટલે કે, સૂર્યપુત્ર શનિદેવની અમાવસ્યા છે અને તેને લઈ શહેરના વિવિધ શનિમંદિરોમાં શનિ મહારાજના ભવ્ય પૂજન, હોમ-હવન સહિતની તડામાર તૈયારીઓ કરાઈ છે. શહેરના દૂધેશ્વરના અતિપ્રાચીન શનિમંદિરમાં આવતીકાલે શનિદેવ અમાવસ્યાની ઉજવણીનું ભવ્ય આયોજન કરાયું છે. દૂધેશ્વરના શનિમંદિર ખાતે આવતીકાલે શનિદેવને મહાપ્રસાદ ધરાવાશે. આ સાથે જ શનિદેવની ભવ્ય મહાઆરતી અને હોમ-હવન, યજ્ઞનું પણ આયોજન કરાયું છે. તો શાહીબાગ વિસ્તારના શનિમંદિર, થલતેજ ખાતેના શનિમંદિર, ડ્રાઈવઈન વિસ્તારમાં વૈભવલક્ષ્મી મંદિરમાં આવેલ શનિમંદિર સહિતના શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા શનિમંદિરોમાં શનિમહારાજના જન્મોત્સવની ભવ્ય ઉજવણી ઉપરાંત, તેલ અભિષેક અને વિશેષ પૂજા-મહાઆરતીનું આયોજન કરાયું છે. આવતીકાલે શનિદેવ અને પિતૃઓની કૃપા મેળવવાનો મહામૂલો અવસર હોઈ શ્રધ્ધાળુ શનિભક્તોની ભારે ભીડ શનિમંદિરોમાં જામશે. ખાસ કરીને પિતૃતર્પણ માટે લોકો નર્મદા ઘાટે મોટી સંખ્યામાં ઉમટશે. શહેરના દૂધેશ્વર વિસ્તારમાં ધોબીઘાટ પાસેના અતિપ્રાચીન શનિમંદિરમાં આવતીકાલે સૂર્યપુત્ર શનિ અમાવસ્યા ઉજવણીનું વિશેષ આયોજન કરાયું છે. ૧૦૮ વર્ષ જૂના શનિમંદિરના મહારાજ



લાલચંદજી ભાર્ગવ અને રવિ મહારાજે જણાવ્યું હતું કે, દૂધેશ્વર સ્થિત આ શનિમંદિર અતિપ્રાચીન અને અનન્ય મહાત્મ્ય ધરાવે છે. આવતીકાલે શનિ અમાવસ્યા નિમિતે શનિદેવને ખાસ પ્રકારે મહાપ્રસાદ ધરાવાશે. બપોરે ૧૨-૦૦ વાગ્યે શનિ મહારાજની ભવ્ય મહાઆરતી યોજાશે. આ સિવાય સવારે ૧૦-૦૦ વાગ્યાથી રાત્રે ૧૧-૦૦ વાગ્યા સુધી શનિદેવને ૧૦૮ આહુતિ આપવાનો ભવ્ય હોમ- હવન અને યજ્ઞ યોજાશે. ઉપરાંત, શનિ અભિષેક, નવગ્રહ શાંતિપાઠ, શનિકથા સહિતના પૂજા-કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ જ પ્રકારે અમદાવાદ જિલ્લાના ધંધુકા નજીક ખડોલ શનિધામ ખાતે પણ શનિ અમાવસ્યા નિમિતે શનિ મહારાજના હોમ-હવન સહિતના ભવ્ય કાર્યક્રમો યોજાશે.

# બહેરા અને મૂંગા બાળકોએ પ્રાર્થના ગાઈને સ્પીચ આપી

ગાંધીનગર,તા. ૩

દેશમાં શ્રવણશકિતની ખામી એ બીજા નંબરની સૌથી સામાન્ય વિકલાંગતા છે ત્યારે તારા ફાઉન્ડેશન દ્વારા તેને નાથવાનું અનોખુ બીડુ ઝડપવામાં આવ્યું છે અને તેના ભાગરૂપે જ આજે તારા ફાઉન્ડેશન તરફથી શહેરના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં હાઉસ ઓફ મેરીગોલ્ડ ખાતે બહેરા-મૂંગા બાળકો માટે ખાસ પ્રકારે ગ્રેજયુએશન સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જન્મથી જ બહેરા-મૂંગા હતા તેવા બાળકોએ આજે ભગવાનની પ્રાર્થના,ગીત ગાઈ અને સ્પીચ આપી ઉપસ્થિત લોકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. એક તબક્કે, આ બાળકોના ઉમદા પ્રયાસને જોઈ આમંત્રિત મહેમાનોની આંખોના ખૂણા ભીના થઈ જતાં લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. આ પ્રસંગે કોચરલ ઈમ્પ્લાન્ટ સર્જન ડો.નીરજ સૂરી, પી.સી.સ્નેહલ ગ્રુપના એમડી ચિરંજીવભાઈ પટેલ, હાઉસ ઓફ મેરીગોલ્ડના સીઈઓ શિલ્પા ચોકસી સહિતના મહાનુભાવો દ્વારા બાળકોને તારા ફાઉન્ડેશનની સ્કૂલમાં બે વર્ષનો અભ્યાસ પૂર્ણ કર્યો આ પ્રકારે બોલતા-ગાતા અને વાતો કરતા સક્ષમ બન્યા હોઈ તેઓને ખાસ પદવી ગણવેશ પહેરાવી પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. કોચલર ઈમ્પ્લાન્ટ સર્જન ડો.નીરજ સૂરીએ જણાવ્યું હતું કે, જન્મથી જ બહેરા-મૂંગા બાળકો માટે બોલવાનું, ગીત ગાવાનું અને તેને સમજવાનું એટલે શકય બન્યું હતું કારણ કે, તારા ફાઉન્ડેશન દ્વારા તે પાછળ બે વર્ષથી વધુ સમય સુધી ભારે મહેનત કરી તેઓને સ્પીચ થેરાપી, મ્યુઝીક થેરાપી, બિહેવીયર થેરાપી અને મોન્ટેસરી સ્કૂલની સેવા આપી તૈયાર કરાયા હતા.

# સેક્ટર-૧૩ છાપરાં ખાતે એન્ટીચાઈલ્ડ લેબર ડે નિમિત્તે કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૩

સમગ્ર ભારત દેશમાં દર વર્ષની ૩૦મી એપ્રિલના દિનને એન્ટી ચાઈલ્ડ લેબર ડે - બાળ મજૂરી વિરોધ દિન તરીકે ઉજવવામાં આવે છે. આ દિનનાં ઉપલક્ષ્યમાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગરના ઉપક્રમે ગાંધીનગરના મોટા શ્રમિક વિસ્તાર, સેક્ટર-૧૩ છાપરાંના નિવાસીઓ સમક્ષ એક કાનૂની સિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં પેરાલીગલ વૉલન્ટીયર સુધીર દેસાઈ દ્વારા બાળકોને ખાસ કરીને ૧૪ વર્ષ નીચેનાઓને કોઈ મજૂરી-કામગીરી કે જે તેઓના સ્વાસ્થ્યને નુકશાન કરે. વિકાસમાં અવરોધક બને, તેઓના જીવનને જોખમમાં મુકે તેવી કામગીરી ન કરવા દેવા પરંતુ તેઓને જરૂરી શિક્ષણ, તેઓની તંદુરસ્તી અંગેના યોગ્ય પગલાં વિકાસ માટેના પુરતા પ્રયત્નો કરવા સામાજિક રીતે અને કાયદાની રીતે વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ હતી.

આ શિબિરના મુખ્ય મહેમાનપદે તે વિસ્તારના લોકપ્રિય પ્રમુખ બાબરજીભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને શિબિરને સફળ બનાવવામાં ખૂબ જહેમત ઉઠાવી હતી. તે ઉપરાંત વિસ્તારના અન્ય અગ્રણી નાગરિકો અને પેરા લીગલ વોલન્ટીયર સર્વ મધુસુદનભાઈ જોશી, મનસુખભાઈ કોટેચા અને જિગિશાબેન ઉપાધ્યાય તેમજ વિમલાબેન અને ખાસ ભરતભાઈ પ્રજાપતિની પ્રેરક ઉપસ્થિતિ રહેલ હતી.

# અમદાવાદના શિક્ષક સાથે લગ્ન કરીને લૂંટેરી દુલ્હન સપ્તાહમાં પલાયન થઈ

અમદાવાદ,તા. ૩

શહેરમાં અમરાઈવાડી બાદ નવા વાડજમાં વધુ એક લૂંટેરી દુલ્હનનો આતંક સામે આવ્યો છે. ચાંદખેડાની પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ફરજ બજાવતાં શિક્ષક સાથે લગ્ન કર્યા બાદ સાત દિવસમાં યુવતી સાડા

## આઠ તોલા સોનુ અને એક લાખ રોકડ લઈ ફરાર : શિક્ષક પતિએ વાડજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં ભારે સનસનાટી : પોલીસે લૂંટેરી દુલ્હનની તપાસ આરંભી

આઠ તોલા સોનું અને એક લાખ રોકડ લઈને નાસી જતાં સમગ્ર મામલે પોલીસ ફરિયાદ થઈ છે. લૂંટેરી દુલ્હને ડાબેરીવાદમાં માનતા હોવાથી ઈશ્વરમાં વિશ્વાસ ધરાવતી નથી. જેથી અગ્નિ સમક્ષ ફેરા નહીં ફરવાનું કહીને માત્ર ફૂલહાર કરીને લગ્ન કર્યા હતાં. વાડજ પોલીસે હવે આ બનાવને લઈ ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

નવા વાડજ વિસ્તારમાં આવેલ લાલબાગ સોસાયટીમાં રહેતા અને ચાંદખેડાની પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ૪૦ વર્ષીય શીર્ષેન્દુરોયે વાડજ પોલીસ સ્ટેશનમાં પત્ની સહિત પાંચ લોકો વિરુદ્ધમાં ચીટિંગની ફરિયાદ કરી છે. ફરિયાદમાં કરેલા આક્ષેપ પ્રમાણે શીર્ષેન્દુરોયના લગ્ન કરવાનાં હોવાથી તેમણે વર્ષ ૨૦૧૪માં મેરેજ બ્યૂરો ચલાવતા કમલ મિત્ર અને માનવ ઘોષ નામની વ્યકિતની મુલાકાત લીધી હતી અને લગ્ન માટે યુવતી બતાવવાની વાત કરી હતી. થોડાક દિવસ પછી બન્ને જણાએ ચંદ્રાણી ચેટરજી અને તેમના પતિ પ્રફુલ કાલે નામના દંપતીને શીર્ષેન્દુરોયના ઘરે મોકલ્યાં હતાં. પ્રફુલ કાલેએ શીર્ષેન્દુરોય માટે તેમની સાળી ઈંદ્રાણીનાં લગ્નનો પ્રસ્તાવ મુક્યો હતો. શીર્ષેન્દુરોયને ચંદ્રાણી પંસદ આવતાં તેમને લગ્ન માટેની હા પાડી દીધી હતી અને તારીખ ૧ ડિસેમ્બર, ૨૦૧૪નાં રોજ લગ્ન કરવાનું નક્કી કરી દીધું હતું. લગ્ન પહેલા શીર્ષેન્દુરોયના માતા પિતાએ સાડા આઠ તોલા સોનું વકીલ પ્રદીપ રાજપૂતની હાજરીમાં આપ્યું હતું. સોનું આપ્યા બાદ ઈન્દ્રાણી, ચંદ્રાણી, તેમના પિતા મનોજભાઈ તેમજ સોનાલીએ શીર્ષેન્દુરોય અને તેમનાં માતા પિતાને જણાવ્યું હતું કે તેઓ ડાબેરીવાદમાં માનતા હોવાથી ઈશ્વરમાં વિશ્વાસ ધરાવતા નથી. જેથી અગ્નિ સમક્ષ ફેરા નહીં ફરવાનું કહ્યું હતું. જેથી વકીલ પ્રદીપભાઈ રાજપૂતે ફોર્મમાં બન્નેની સહીઓ લઈ લીધી હતી. તમામ વિધિ પૂરી થઈ ગયા બાદ ઈન્દ્રાણી શીર્ષેન્દુરોયના ઘરે ગઈ હતી અને સાત દિવસ ત્યાં રોકાઈ હતી. શીર્ષેન્દુરોયએ તેની સાથે શારીરિક સંબંધ બાંધવા માટેની વાત કરતાં તે તબિયત સારી નહીં હોવાનું કહીને ટાળતી હતી. સાસરીમાં આવ્યાના એકાદ બે દિવસ બાદ ઈન્દ્રાણી અલગ રૂમમાં રાત્રે સૂઈ જતી હતી.

આ મામલે ઈન્દ્રાણીનાં માતા પિતા તેમજ શીર્ષેન્દુરોયનાં માતા પિતા વચ્ચે મુલાકાત થઈ હતી. જેમાં બન્ને વચ્ચે ઝઘડો થતાં મનોજ ચેટરજીએ તેમને જતાં રહેવાનું કહ્યું હતું. શીર્ષેન્દુરોયે લગ્નના કાગળો ઈન્દ્રાણીને આપ્યા હોવાથી તેણે પણ હાથ ઊંચો કરી દીધો હતો. ઈન્દ્રાણી લગ્નના સાત જ દિવસમાં સાડા આઠ તોલા સોનું અને એક લાખ રૂપિયા લઈને જતી રહી હતી.

પોલીસે આ મામલે વેજલપુરમાં રહેતા ઈન્દ્રાણી, ચંદ્રાણી, મનોજભાઈ સોનાલી અને પ્રફુલ કાલે વિરુદ્ધમાં ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. ઈન્દ્રાણીનાં લગ્ન શીર્ષેન્દુરોય જોડે થયાં જ નથી તેવું કહેતા મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે.

# ગુજરાતથી ઓડિશા, વિશાખાપટ્ટનમ જતી ૧૫૦૦ ટુર રદ, હજારો મુસાફરો અટવાયા

## ઓડિશા તરફ જતી ટ્રેનો ૭ મે સુધી રદ

ગાંધીનગર,તા. ૩

અત્યંત ઝડપી પવન અને વરસાદ સાથે ફાની વાવાઝોડુ ઓડિશા અને તેની આસપાસના રાજ્યોમાં ત્રાટક્યું છે. જેને કારણે માત્ર ઓડિશામાંથી જ આશરે ૧૧ લાખ લોકોને સુરક્ષીત સ્થળે ખસેડવામાં આવ્યા હતા જ્યારે ૧૦ હજારથી વધુ ગામડા અને ૫૦ જેટલા નાના ટાઉનને સૌથી માઠી અસર પહોંચી છે. આ સંકટનાં સમયે ગુજરાતથી ૫ એનડીઆરએફની ટીમ અસરગ્રસ્ત વિસ્તારોમાં જશે. આ ઉપરાંત પુરી,ઓડિશા,વિશાખાપટનમ, પશ્ચિમ બંગાળ, ચેન્નઈ તરફની આશરે ૧૫૦૦ ટુર રદ કરવામાં આવી છે.

આ વાવાઝોડાને કારણે કોલકાત્તા એરપોર્ટ શનિવારે સવારે ૬.૦૦ વાગ્યા સુધી બંધ રહેશે. તમામ ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ફલાઈટ રદ થઈ ગઈ છે. આ ઉપરાંત ઓરિસ્સાના ફાની તોફાનની સીધી અસર વલસાડમાં પડી છે. વાવાઝોડાની અસરને કારણે રેલ વ્યવહાર ખોરવાયો છે. વલસાડથી ઓરિસ્સા જતી પુરી ટ્રેન કેન્સલ કરાઈ છે. જેને કારણે મોટી સંખ્યામાં મુસાફરો અટવાયા છે. ફેની વાવાઝોડુ ઓરિસ્સા તરફ ફંટાઈ જતા ૨૫૦ કિલોમીટરની સ્પીડે ત્રાટકશે. ત્યારે અગમચેતીના ભાગરૂપે દેશભરની ૨૦૦થી વધુ ટ્રેનો કેન્સલ કરવામાં આવી હતી.

કાલુપુર રેલવે સ્ટેશન પર સેંકડો મુસાફરો અટવાયા હતા અમદાવાદથી પુરી જતી ટ્રેન આજે રદ કરવામાં આવી છે. એટલું જ નહીં આગામી ૭ મે સુધી હાઈ એલર્ટના પગલે પુરી સુધી જતી અને અમદાવાદ કે ગુજરાતથી ઉપડતી તમામ ટ્રેનો રદ કરવામાં આવી છે. છેક પુરી સુધી ન જવા માગતા અને વચ્ચેનાં સ્ટેશન સુધી મુસાફરી માટે ટિકિટ બુક કરાવનારા પ્રવાસીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ટ્રેનો રદ થવાના પગલે રઝળી ગયેલા મુસાફરોએ રિફંડ મેળવવા લાઈનો લગાવી હતી. રેલવે સ્ટેશન પર રિફંડ માટે મુસાફરોની ભારે ભીડને લઈને સ્પેશિયલ કાઉન્ટર ખોલવામાં આવ્યાં છે.


